કરી. તેમના આશીર્વાદ લઇ જીવન જળનો છટકાવ કરતા આ પ્રશ્ન ઘણા ટૂંક સમયમાં હલ થઇ ગયો અને માનસીક શાંતિ તથા આર્થિક ફાયદો થયો. પૂ. ગુરુદેવની હાજરી તથા ગેરહાજરીમાં અમારા ઘરમાં સતત સુવાસ આવે છે અને સદાય તેઓ ત્યાં વસતા હોય તેવો ભાસ થાય છે. નાની મોટી કોઈપણ તકલીફ પડતાં પૂ. ગુરુદેવને યાદ કરીને અથવા તો ફોન કરીને તેમના આશીર્વાદ લઇ, પૂરી શરણાગતી સ્વીકારી લવાથી ઘણી રાહત થાય છે. પૂ. શ્રીના જીવન જળનું સેવન જો એકાદ દિવસ ચૂકાઈ જાય તો આખો દિવસ કંઇક અધૂરું-અધુરું લાગ્યા કરે છે. અને જીવન જળ લીધા બાદ જ અવર્ણનીય ઠંડક લાગે છે. પૂ.શ્રી રાજયોગી નરેન્દ્રજીના દર્શન કરવાથી અથવા તેમનો અવાજ સાંભળીને આખો ગઢ જીતી જવાય તેટલું આત્મબળ અને આત્મવિશ્વાસ આવી જાય છે.

(૯) ન્યૂ જર્સીના યુનીઅન સીટીમાં રહેતા શ્રી કાંતિભાઈ પટેલ તેમનો અનુભવ જણાવે છે કે તા. ૨૧ એપ્રીલ ૧૯૯૫ના રોજ શ્રી કિરીટભાઈ પટેલ સાથે વાનમાં ન્યૂ જર્સીથી શીકાગો જઈ રહ્યા હતા. પૂ. ગુરુદેવ શીકાગોમાં હતા. અમે બંન્ને ત્યાંથી તેમની સાથે કાર્યયજ્ઞમાં જોડાવાના હતા. અમારી મુસાફરી લગભગ ૧૨-૧૫ કલાકની હતી. નવી જ બહાર પડેલી 'પરમ શક્તિ મંત્રયજ્ઞ' ની કેસેટ ચાલુ હતી. અને તેના ધ્વનીનાદથી મને ક્યારે ધ્યાન લાગી ગયુ તેની ખબર પણ ના પડી. તે દરમ્યાન મેં અનુભવ્યું કે પૂ. ગુરુદેવ પાછળની સીટ પર બેઠા હતાં, તેમણે ખબર અંતર પૂછી અને વાતચીત કરતાં જણાવ્યું કે "તમે શાંતિથી આવો, હું તમારી સાથે જ છું. હું શીકાગો જાઊં છું કારણ ત્યાં ભેગા થયેલા ભક્તો રાહ જુએ છે." પછી તો લોહ-ચુંબક ખેંચે તેમ ખેંચાતા અમારી ૧૫ કલાકની મુસાફરી ૧૦ કલાકમાં પુરી થઈ અને શીકાગો પહોંચ્યા. ચાલુ કારમાં અને ધ્યાનમાં પૂ. ગુરુદેવે જે કપડાં પહેરી દર્શન આપ્યા હતા તેજ કપડામાં ત્યાં ઉપસ્થિત હતા. બુધ્ધિજીવી મન ઘણું જ નવાઈ પામી ગયું. અને પૂ. ગુરુદેવને પ્રણામ કરી આનંદ વિભોર થઇ ગયો. આમ સુવાસ તથા સહવાસનો અનુભવ માણી લીધો.

(૧૦) કેનેડા ખાતે ટોરોન્ટોમાં વસતા શ્રી ધનસુખભાઈ ખત્રી તથા શ્રીમતી રમિલાબેન પૂ. શ્રી રાજયોગી નરેન્દ્રજીના પરમ ભક્ત છે. શ્રી ધનસુખભાઈ પોતાનો અનુભવ વર્ણવે છે કે પૂ. ગુરુદેવ છેલ્લા દસેક વર્ષથી અમારે ત્યાં દર વર્ષે પધારે છે અને એમની કૃપા પ્રસાદી તથા ઘણા ઘણા અનુભવો મળ્યા છે. લગભગ સાત વર્ષ



Scanned by CamScanner



પૂ. ગુરુદેવ સાથે આનંદની પળોમાં

to deal with and in turn we fell very self confident to tackle them.

(9) Mr. Kantibhai Patel of Union City, New Jersey has been with Guruji since last 12-14 years. He feels very fortunate to experience many incidences but his latest and special experience is unique. He describes " I was travelling to Chicago on 21 April 1995 to join Gurudev. I was sitting in the front with Kiritbhai in his van. Journey was for approx. 12-15 hours from New Jersey to Chicago. We were listening to' Param Shakti Mantra Yagna ' audio casattes. With the spiritual chanting of Mantra. I was drawn into Dhyan-meditating stage. During this Dhyan I experienced that Gurudev was in the back seat and travelling with us. After few minutes of formal talks Gurudev suggested that he is with us and we travel safely and he has to return to Chicago since the gathering of followers is waiting for him. Since then unknown gravity like force was pulling us and we reached Chicago in 10 hours insted of usual 12-15 hours. To my dismay I saw Gurudev wearing same clothes that I had visualized in the Dhyan. I felt a very deep sense of satisfaction and bowed to Gurudev with respect. During my travel with him all of us experience a distinct feeling of security and his constant guardianship. This is more satisfying than anything."

(10)Mr. Dhansukhbhai Khatri & Mrs. Ramilaben of Toronto, Canada are very near to Gurudev. All the family members are always looking forward to be with Guruji. Gurudev is visiting Toronto since 1984 and stays at their residence. They have various experiences while with Guruji. Dhansukhbhai advises that approx. seven years ago when Gurudev visited us at our apartment in Toronto, we offered him a wall clock as gift. While returning the clock Gurudev told us to use the clock in the house that we will buy next year. I was quite puzzled to hear this since I had not even thought of buying a home. But just like the Gurudev predicted we were able to buy the house within a year and even today we have the wall clock. In another situation, I had readymade garment shop in Toronto and was quite successful. Since the business was



Scanned by CamScanner

પહેલા પૂ. ગુરુદેવ જ્યારે અમારે ત્યાં પધાર્યા ત્યારે અમે ભાડાના Apartmentમાં રહેતા હતા. અમે પૂ. ગુરુદેવનો સત્કાર કરતાં એક wall clock ભેટ આપ્યું, પણ પૂ. ગુરુદેવે તે ઘડીયાળ પ્રસાદી તરીકે પાછા આપતાં કહ્યું કે, "તમે આવતા વર્ષે ઘર ખરીદો ત્યારે આ ઘડીયાળને ઘરમાં ટાંગજો." પૂ. ગુરુદેવના આવા વચનો સાંભળી ઘણો મુંઝાયો. કારણ ઘર ખરીદવાનો વિચાર સુધ્ધાં પણ કર્યો નહતો અને પરીસ્થીતી પણ ન હતી. છતાંય પૂ. ગાયત્રીમાની કૃપા અને પૂ. ગુરુદેવના આશીર્વાદથી અમે બીજે વર્ષે ઘર ખરીદ્યું અને ઘડિયાળ ટીંગાવ્યું.

બીજો પ્રસંગ એવો બન્યો કે રેડીમેડ કપડાં વેચવાની દુકાન ઘણો સારો નફો કરતી હતી. માટે નજીકના વિસ્તારમાં બીજી દુકાન ચાલુ કરી પણ ધંધામાં ઓચિંતી મંદી આવી જવાથી ઘણી તકલીફ પડવા માંડી. બીજી દુકાન ખોટ ખાઈને પણ વેચી દેવાની તૈયારી રાખી પણ સફળતા મળી નહીં. મંદીને કારણે કોઈ દુકાન વેચાતી લેવા તૈયાર ન હતું. પૂ. ગુરુદેવને ફોન કરી હકીકત જણાવી અને પૂ. ગુરુદેવના આશીર્વાદથી બીજા અઠવાડીયામાંજ જરા પણ ખોટ ખાધા વગર પૂરી કિંમતે વેચાઈ ગઈ અને મોટી આર્થીક મુશ્કેલીમાંથી ઉગરી ગયો.

પૂ. ગુરુદેવના આશીર્વાદથી છેલ્લા પાંચ મહીનાથી રેડીમેડ કપડાં બનાવવાની ફેકટરીમાં પણ ઘણ સારી પ્રગતિ થઈ રહી છે. આમ પૂ. ગુરુદેવ અમારી સતત કાળજી રાખ્યા કરે છે.

(૧૧) ન્યૂ જર્સીમાં પીસ્કાટવેમાં રહેતા શ્રી જીતેન્દ્રભાઈ પટેલ તથા શ્રીમતી કલ્પનાબેન તેમનો અનુભવ જણાવે છે કે ૧૯૯૧માં પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં અમારા ઘેર ગાયત્રી યજ્ઞનું આયોજન કર્યું હતું. તૈયારીઓ લગભગ ૬ માસથી કરી દીધી હતી. ઘણા બધા ભક્તોને આમંત્રીત કર્યા હતા. યજ્ઞના દિવસે હવામાન બગડતા ઘનઘોર વાદળ ચઢી આવ્યાં, જોરથી પવન ફૂંકાવા લાગ્યો અને ઘણાં બધા નિષ્ણાતો પ્રમાણે ધોધમાર વરસાદ પડવાની નકકી જ આગાહી હતી. અમે તે દિવસે વહેલી સવારે જ પૂ. ગુરુદેવને અમારી ચીંતા વ્યક્ત્ કરી. પૂ. ગુરુદેવે આશીર્વાદ આપી જણાવ્યું કે, "યજ્ઞ જરૂરથી નીરધારીત સ્થળે અને સમયે થશેજ. હવામાનની ચીંતા કરશો નહી". પૂ. ગુરુદેવ સવારે લગભગ ૧૧:૦૦ વાગે પધાર્યા અને યજ્ઞ મંડપમાં પ્રવેશતાંની સાથેજ હવામાન સુધરવા લાગ્યું. થોડી જ વારમાં તો શ્રી સુર્યનારાયણે વાતાવરણને આહ્લાદ્કતાથી ભરી દીધું. પૂ. ગુરુદેવની હાજરીમાં યજ્ઞ કાર્ય સંતોષકારક રીતે પુરૂ થયું. ઉપસ્થીત ભક્તોએ પ્રસાદી લીધી અને પૂ.



Scanned by CamScanner

profitable I decided to open another shop. But the economic conditions worsened and the new shop was doing poorly. I wanted to sell this shop but no one would buy it even if I took a substantial loss. At this time I was very disappointed and called Gurudev asking for his help and blessings. Within one week after his blessings I was able to sell the shop without any loss and Gurudev saved me from economic disaster. With his blessings I have been very successful with the manufacturing business of readymade garments. Thus Gurudev is always looking out for his followers and helps them in the time of their need just as he would to his own children.

(11) From Piscataway, New Jersey Mr. Jitendrabhai & Mrs. Kalpanaben had arranged for Gayatri Yagna in the month of May 1991 at their home. Guruji was expected to be present during this Yagna. All the preparations were completed and many people were invited. On the day of Yagna heavy rain and strong winds were forecasted. We started to be concerned and were worried. We called Gurudev that morning and expressed our fear of bad weather. We asked for his help and to do something so that our long planned event will not be cancelled. With his calm voice, he told us not to worry and indicated that Yagna will be sucessfully completed. We felt quite relieved and got busier with final preparations. At approx. 11 O'clock Gurudev arrived at our residence and blessed the begining of the Yagna. Soon the climate improved dramatically-sun came out and winds deminished.

Everyone was happy and satisfied to be able to participate in Yagna. At the conclusion of this Yagna everyone enjoyed MAHA-PRASAD. At about 2 O'clock Gurudev departed and just as their car pulled out of the driveway, heavy rain started to pour. We were quite blessed by Guruji with such a big favor.

(12) Mr. Ishvarbhai & Mrs. Hemaben Patel of Barnesville, Georgia writes that "Our Gurudev is unique and kind. His blessing has virtually helped thousands of people all over the world".



Scanned by CamScanner

ગુરુદેવ પણ લગભગ ૨:૦૦ વાગે વિદાય થયા. તેમની કાર કંપાઉન્ડમાંથી બહાર નીકળી અને તરત જ ધોધમાર વરસાદ તૂટી પડ્યો. પૂ. ગુરુદેવની કેવડી મોટી કૃપા. દરેક પ્રોગ્રામ વખતે પૂ.ગુરુદેવના સાન્નિધ્યમાં પ્રસાદીનો અનુભવ અચુક થાય છે જ. અને અમારા બધા જ મૂંઝવણ ભરેલા પ્રશ્નો અને કાર્યો તેમને યાદ કરતાની સાથેજ સરળ બની ઊકલી જાય છે.

(૧૨) બાર્નસવીલ જ્યોર્જીયાથી હેમાબેન ઈશ્વરભાઈ પટેલ લખે છે. પ્રભુના કાર્ય કરવા સંતો પૃથ્વી પર પધારતા રહે છે. જેમને આવા સદ્‌ગુરૂ સંત મળી જાય અને તેમનામાં જો અખંડ અને અડ્ગ શ્રધ્ધા થઈ જાય તો સાધકનું જીવન ધન્ય બની જાય છે. તેવી રીતે મારા હસબન્ડના જીવનમાં પણ પૂ. રાજયોગી નરેન્દ્રજી જેવા એક મહાન સંત પુરૂષ આવ્યા. તેઓ પૃથ્વી પર પધારી પોતાનું આધ્યાત્મિક અવિરત કાર્ય પરમ કૃપાળુ માતા ગાયત્રીની આજ્ઞાથી કરી રહ્યા છે.તેઓ ખરેખર દિવ્ય શક્તિ સંપન્ન એક અવતારી પુરુષ છે. મારા હસબન્ડ પણ ગુરુદેવના આશીર્વાદથી પરમ-કૃપાળુ, પરમ -શક્તિના, પરમ -પ્રેમના પારાવારમાં ડૂબેલા રહેતા. હું પોતે આટલી બધી ગુરૂભક્તિના ઊંડાણમાં ન હતી. ભગવાનમાં માનતી હતી. થોડી પૂંજાભક્તિ કરી લેતી, ઈશ્વર પણ મને વાંરવાર સમજાવતા, "હેમુ ! આપણા ગુરૂદેવ સચ્ચિદાનંદ સ્વરૂપ છે." પણ મને શ્રધ્ધા બેસતી ન હતી. જીવન જળ લેતી હતી પણ જીવન જળના ઊંડાણ રહસ્યની સમઝણ પણ ન હતી. ગુરૂદેવના આશીર્વાદની અવારનવાર પ્રસાદી મળતી હતી. પરંતુ હું અંધકારના તોફાની વાદળામાં ઘેરાયેલી સત્યને ઓળખી ના શકતી. એક દિવસ એવું બન્યું કે મારા બનેવી સાથે ઈવાન્સવીલથી શિકાગો,પૂ. ગુરૂદેવને મુકવા જતા હતા ત્યાં હજારો હાથવાળી માતા ગાયત્રીએ પુ. રાજયોગીના માધ્યમ દ્વારા સુગંધીદાર દિવ્ય ઝરણાના દર્શન કરાવ્યા. તે દિવસે મને પરમસત્ય સમજાયું. આત્મા અને બ્રહ્મ - સાક્ષાત્કાર થયાનો અનુભવ થયો. આજે પણ અમો અમારા બાળકો સાથે એ પ્રસાદીનો અનુભવ કરીએ છીએ. આ દિવ્ય લોકના વરસાદ રૂપી ઝરણાથી હજી અમો બધા તૃપ્ત થતા નથી. સર્વ નદીઓ સમુદ્ર તરફ ગતિ કરી, સમુદ્રમયી બની જાય છે. તેવીજ રીતે અમે, ગુરૂદેવના મીઠા આશીર્વાદરૂપી ઝરણામાં ચૈતન્યમયી - આનંદમયી બની જઈએ છીએ.

(૧૩) વીન્ડસર, ન્યુ જર્સીમાં રહેતા કંકુબેન ચૌધરી પૂ. ગુરૂદેવના સંપર્કમાં ઘણા

Hemaben Patel writes further that "Gurudev has some very positive effects in my and my husband's life. With Gurudev's blessings Ishvarbhai was able to progress spiritiually and has reach to a stage of utmost surrender to Guruji.Gurudev has influenced my life to great extent. Eventhough I was praying, not regularly, and taking Jivan Jal without any faith and not realizing its significance. After meeting Guruji and with his blessings I realized how important it was to pray everyday and regularly. I was fortunate enough to share Prasad of fragrance, Almonds while travelling from Evansville to Chicago. Since his blessings we are leading a happy life and our two children are also involved with daily Puja and Jap. This makes us feel very content and also gives us a sense of enrichment of spiritiual desire.

(13) Kankuben Chaudhari of Windsor, New Jersey has been Gurudev's follower for many years and her family used to visit Gurudev at SHRADDHA in Ahmedabad. Kankuben advises that "since 1960 I was suffering from a severe headache and no medicine was able to cure the problem. Pain started to become unbearable. We consulted many doctors but condition did not improve. At one point, doctors suspected it to be a cancer related problem and asked to go to Tata Hospital in Bombay. My son suggested to see Gurudev and ask for his help before going to Bombay. Guruji advised me to take Raisin, Black Peas along with Jivan Jal on a daily basic, he also asked me to do three rosaries of Gayatri Mantra. I followed his simple instruction without any deviation and with full faith in him. I started to feel better in about 15 days and to my big surprise I do not have this pain eversince. Everyone was quite happy in my family and was relived. They also started to follow Gurudev's teachings and Karmayagna. To this day all my children and their family respect Gurudev and will not miss any chance to visit and obtain his blessings while he is in New Jersey."



Scanned by CamScanner

હોય છે. પરમ ભક્ત છે. કંકુબેન જણાવે છે કે "૧૯૬૦થી મને માથાનો દુ:ખાવો સતત રહેતો હતો અને મગજમાં પરું થઈ જતું હતું. ઘણી દવાઓ કરી, ડોકટરો બદલ્યા. ત્રણ વખત ઓપરેશન પણ કરાવ્યું. પરંતુ કંઈજ સુધારો જણાતો નહીં. છેલ્લે તો ડોકટરોએ એમ પણ જણાવ્યું કે મુંબઈ ટાટા હોસ્પીટલમાં જઈ ઓપરેશન કરાવવું પડશે. કદાચ કેન્સર હોઈ શકે. આ વખતે મારા દીકરાએ મને પૂ. ગુરૂદેવ (શાસ્ત્રીજી) પાસે જવાનું સૂચન કર્યું. અમે મળવા ગયા અને શાસ્ત્રીજીને માંડીને બધી વાત કરી. તેમના જણાવ્યા પ્રમાણે જીવન જળ અને કાળી દ્રાક્ષ તથા ચણા પલાળીને લેવાનું શરૂ કરી દીધું. અમારા બધાના આશ્ચર્ય વચ્ચે ફક્ત પંદર જ દિવસમાં મટી ગયું અને  આખા કુટુંબમાં આનંદ છવાઈ ગયો. અમારા બીજા સંબંધીઓ પણ પૂ. ગુરુદેવના કાર્યયજ્ઞથી પ્રભાવિત થઈને તેમના ભક્તગણમાં જોડાઈ ગયા.

આવા તો ઘણા ઘણા અનુભવો જુદા જુદા સમયે જુદા જુદા સ્થળોએ અને જૂદી જૂદી પરીસ્થીતીમાં થયા છે તેવું ઘણા બધા ભક્તોનું સૂચન છે. પૂ. ગુરુદેવ તો નિ:સ્વાર્થ કાર્ય કરતા જ રહે છે. આપણે બધાજ ખરેખર ઘણા નસીબદાર કહેવાઈએ કે આવા સદ્‌ગુરુ મળ્યા છે.ૐ મા ૐ

## ગુરૂ પ્રાર્થના

મન મેં બસાકે, તેરી મુરતી ઉતારૂ ગુરુ મે તેરી આરતી
તુ હિ સર્વ મંગલા, તું હી રાજયોગી ... ઉતારુ ગુરૂ મેં તેરી
કરૂણા કરો, કષ્ટ હરો, ચિંતા મીટાદો
આયા શરણ, પુજુ ચરણ, ભાગ્ય જગાદો ... ઉતારૂ
તેરે સિવા, માત સિવા, આસરા નહી
મન કી જીસે, બાત કહે દુસરા નહી
લાખો કા તુને, ઉધ્ધાર હે કિયા
માગા જિસને જો, તુમને હી દીયા
છોટી સી યે મેરી ભી, માનો વિનતી ... મનમેં
ભવમેં ફસી, આજ મેરી તાર દો નૈયા
તુજસે બડા, માજી હો ઔર ના ગુરૂ
જીસ પે તેરા હાથ, ઉસે આંચ કયું આયે
દુર કરો અબ તો, કાલે ગમ કે ઈશારે
દર્દ કી દવા, તેરે પાસ મા
તૂટ જાયે ના, મેરી આશ મા
જીંદગી દયા કી, હે ભીખ માંગતી ... મનમેં બસાકે



Scanned by CamScanner

Overall there are numerous examples and experiences amongst many followers of which some are told and many are untold. All the people who have come in close touch with our Gurudev are quite impressed and feel very greatfull to him for his blessings and selfless service to mankind. He speaks very little and does not converse too much with any one but what is noteworthy is that he gets the full idea of any problem in a single statement or word.

Pujya Rajyogi Narendraji is of the firn belief that the chanting of Param Shakti Mantra, the evil acts are destroyed and pious qualities multiply - thus the reasult of the chanting is achieved sooner or later. Particularly children from their young age should start to repeat AUM MAA AUM every day and if possible for thirty minutes. He holds questions and answers sessions for the youth living in the western world since they will be the fore bearers of Hindu culture, should know and understand basics of Hindu religion.

Absolute faith and surrender are the unavoidable pre-conditions of any worship. It is an easy way to be closer to God. Accepting this easy approach and without getting involved in any strict and formal code of behaviour, or performance of certain rites and having established the relationship of mother and children, worship the mother - Gayatri Maa.

Repeat the Gayatri Mantra and you will unfailingly experience peace of mind. Your life will be happy. You will positively experience her grace.

ૐ મા ૐ



Scanned by CamScanner

# પરમ શક્તિ મંત્ર

## ૐ મા ૐ

હે મા ભગવતી,

હું હંમેશા તમારા સાન્નિધ્યમાં રહું અને સારા કર્મો કરૂં તેવી રીતે મારા હ્રદયમાં તમારી શક્તિ ભરી દો.

પરમ શક્તિ મંત્ર ટૂંકો, સાદો અને મધુર અને વૈશ્વિક છે.

પૂ. શ્રી રાજયોગી નરેન્દ્રજીના વર્ષોથી ચાલી રહેલા કાર્યયજ્ઞ દરમ્યાન સંપર્કમાં આવી ચુકેલી વ્યક્તિઓ પાસેથી તેમણે જાણ્યું કે ગાયત્રી મહામંત્ર

ૐ ભુભર્વ: સ્વ:ૐ તત્સવિતુર્વરેણ્યં

ભર્ગોદેવસ્ય ધીમહી ધીયો યોન: પ્રચોદ્રયાત ૐ

મનન કરવા માટે તથા માળા ફેરવવા માટે લાંબો પડે છે. અને ખાસ કરીને બાળકો માટે યાદ રાખવામાં અઘરો પડે છે.

એક વખત નિયમીત પ્રાર્થના સમયે પૂ. ગુરુદેવે પૂ. ગાયત્રી માતાને વિનંતી કરી "મહામંત્ર જેવો જ શક્તિદાયક પણ સાદો મંત્ર આપો જેથી નાના મોટા સૌને તેનું રટણ કરવામાં સુગમતા રહે."

૧૧ જુલાઈ ૧૯૯૨ના શનિવારે સવારે પૂજા દરમ્યાન પૂ. રાજયોગી નરેન્દ્રજીને "ૐ મા ૐ"ની સ્ફુરણા થઈ અને સાથે સાથે પૂ. ગાયત્રી માતાએ સુસ્મિત આવકાર પણ કરી લીધો. આમ પરમ શક્તિ મંત્રની ઉત્પતિ થઈ.

૧૪ જુલાઈ ૧૯૯૨ ના ગુરુ-પુર્ણિમાના દીવસે હજારો ભક્તોની વચ્ચે આ પરમ શક્તિ મંત્રની રજૂઆત કરી. ત્યારબાદ આખા જનસમુદાય સમુહમાં મોટેથી તેનું રટણ કરી વાતાવરણ ઘણું રમણીય બનાવી દીધું.

આ મંત્ર કોઈપણ વ્યક્તિ નાત, જાત, ધર્મ કે રંગભેદ વગર જપી શકે છે.



Scanned by CamScanner

# The Meaning of Divine Spirit Mantra

## "Aum Maa Aum."

O Lord ! Fill my soul with your Divine Spirit, So that I can always think and do the right deeds.

Divine Spirit Mantra is short, Simple, Sweet and Universal Mantra.

Rajyogi Narendrajee, during his Karmayagna and his personal contacts with the people learnt that Gayatri Mantra :-

AUM BHURBHUVAHA SWAHA
AUM TATSAVITUR VARENYAM
BHARGO DEVASYA DHEEMAHI
DHIYO YONAHA PRACHODAYAT AUM.

is very lengthy, difficult to remember and chant. He understood people's agony.

During his upasana he prayed Divine mother, to give a substitute and equivalent of Gayatri Mantra, so that every one can remember and chant easily while doing upasana.

Rajyogi Narendraji says, "On 11th July 1992, Saturday morning during my upasana, the Divine Spirit Mantra `Aum Maa Aum originated from my heart. My Divine mother smilingly approved of it and gave me her blessings.

On 14th July 1992, Tuesday, on the auspicious day of Guru-Purnima. I presented this universal Divine Spirit Mantra to the crowd of my followers and the whole atmosphere was changed with the chantings of Aum Maa Aum.

Any person regardless of caste, color, religion or nationality can worship this Mantra.



Scanned by CamScanner

# પરમ શક્તિ મંત્ર

ૐ મા ૐ નો શબ્દાર્થ અને ભાવાર્થ

શબ્દાર્થ :

ૐ :- બ્રહ્મા, વિષ્ણુ અને શિવનું એકજ સ્વરૂપ એટલે ૐ
સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કર્તા પરમાત્મા.

મા :- પરમાત્માની પરમ ચૈતન્યમયી શક્તિ, જેના દ્વારા સૃષ્ટિનું પોષણ થાય છે.

ભાવાર્થ :-

હે પરમાત્મા,

આપના પરમ ચૈતન્યથી મને પુષ્ટ કરો જેથી આપની ચૈતન્યમયી શક્તિનો સ્ત્રોત અવિરતપણે સમષ્ટિના શ્રેયાર્થે વહેતો રહે.

# PARAM SHAKTI MANTRA.

The meaning and message of Param Shakti Mantra **"AUM MAA AUM"**

MEANING :-

(ૐ) AUM Means God.

G = who generates the world - Brahmaa.
O = who operates the world - Vishnu.
D = who distroys the evils - Shiv.

One form of Brahmaa - Vishnu & Shiv is AUM, (ૐ). This one form controlling the Generation, Operation & Destruction is the supreme being - GOD.

'મા' , MAA= Mother - The Divine energy of GOD
Which nurtures the whole universe.

MESSAGE :-

O LORD,

Fill my heart with your Divine spirit so that the stream of your Divine energy can be contineously flown for the welfare of the universe.



Scanned by CamScanner



અમેરીકાના ભક્તો તરફથી
સર્વેને "ૐ મા ૐ"

# નવ સિધ્ધાંત

૧. ઈષ્ટમાં સંપુર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખવી.
૨. નિ:સહાયને સહાય કરવી.
૩. દુ:ખીઓના દિલનાં આંસુડાં લુછવાં.
૪. કોઈની ઈર્ષા કરવી નહિં.
૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિં.
૬. પરનિંદાથી દુર રહેવું.
૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.
૮. નિસ્વાર્થ સેવા કરવી.
૯. અહ્મનો ત્યાગ કરવો.

– રાજયોગી નરેન્દ્રજી.

# NINE PRINCIPLES.

1. KEEP UTMOST TRUST AND SURRENDERNESS IN GOD.
2. HELP THE HELPLESS.
3. SHARE AND CARE FOR UNHAPPY PERSONS.
4. DO NOT ENVY OTHERS.
5. DO NOT BETRAY OTHERS.
6. AVOID CRITICISM.
7. GIVE PRIORITY TO WORK AND ALWAYS BE INDUSTRIOUS.
8. PERFORM SELFLESS SERVICE.
9. GIVE UP EGO.

- RAJYOGI NARENDRAJI



Scanned by CamScanner

# ॐ મા ॐ

# "મેરા જીવન જળ"

જીવન જળના બદલે શારિરીક અને માનસિક તકલીફવાળી દરેક વ્યક્તિએ, વ્યક્તિગત મુલાકાત વેળાએ સ્વચ્છ કરેલાં ૧૨ ચમચી મેથી અને ૧૨ ચમચી રાઈ સાથે લાવવાં જરૂરી છે.

**સૂચના :**

(૧) પંદર દિવસ ચાલે તેટલું 'મેરા જીવનજળ' એકી સાથે બનાવી લેવા માટે અભિમંત્રિત કરેલાં મેથી-રાઈમાંથી ૧ ચમચી મેથી અને ૧ ચમચી રાઈ, ૩૦ ચમચી સાદા પાણીમાં પંદર મિનિટ સુધી પલાળવા; પછી તે પાણીને ગાળીને બોટલમાં ભરી લેવું, અને પલાળેલાં રાઈ-મેથીને ખુલ્લા વાસણમાં રાખીને સૂકવવાં. સૂકાઈ ગયા પછી ડબ્બીમાં ભરી લેવા.

(૨) દરરોજ એક ચમચી 'મેરા જીવનજળ' - એક ચપટી સૂકાઈ ગયેલાં મેથી-રાઈ સાથે સવાર સાંજ લેવું અને તે પંદર દિવસમાં પૂરૂ કરવું.

(૩) પંદર દિવસ પછી આ ક્રમ ફરીથી ચાલુ કરવો.

વધુ વિગત રૂબરૂ મુલાકાત વેળાએ આપવામાં આવશે.

નોંધ : પૂજ્યશ્રી પાસે એક મહીનાથી વધુ સમય માટે મેથી-રાઈ અભિમંત્રિત કરાવી શકાશે.

*અભિમંત્રિત 'મેરા જીવન જળ' સાથે પૂજ્યશ્રીના અન્ય આદેશોનું ચુસ્ત પણે પાલન કરવું જરૂરી છે.*



Scanned by CamScanner

## AUM MAA AUM

# MERA JIVANJAL

Instead of Jivanjal, now a person having Physical or Mental disorder, should bring 12 teaspoon Fenugreek ( Methi) and 12 teaspoon Mustard seeds (Rai) to last for six months.

**INSTRUCTIONS :**

(1) After blessing from `Gurudev Rajyogi Narendraji,` take one tea spoon Fenugreek and one tea spoon Mustard seeds, soak them in 30 teaspoons of tap water. Leave it for 15 minutes. Then strain the water and dry the seeds. Keep water and seeds in closed containers seperately. This water is called "MERA JIVANJAL."

(2) Take twice daily one teaspoon of Mera Jivanjal along with one pinch of these dried mixed seeds. Mera Jivanjal and dried seeds will last for approximately 15 days.

(3) After 15 days repeat the same procedure.

(4) Continue Mera Jivanjal till your problem gets over.

***Further instructions will be given during personal visit.***

It is very important to follow the other instructions sincerely along with Mera Jivanjal.



Scanned by CamScanner

# સાક્ષાત્કાર

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી સાક્ષાત્કારી સંત છે. મા ગાયત્રીના બાળ છે. અવતારી પુરુષ છે. પૂજ્યશ્રીના સાક્ષાત્કારની વાતો તેમના જ શબ્દોમાં પ્રસ્તુત કરીએ છીએ.

૧૯૭૫ની ફેબ્રુઆરીની ૧૩મી તારીખે મહાશીવરાત્રીના દિવસે પૂજા દરમિયાન માતાજીએ મારા ગળામાં મોતીની માળા પહેરાવી હતી. ત્યારપછી લગભગ દરરોજ માતાજીની કૃપા પ્રસાદીના અનુભવો મને અને મારા કુટુંબના સભ્યોને થતા જ રહે છે. પરમતત્વ, પરમાત્મા, મારા ઈષ્ટદેવ મા ભગવતીનો નિવાસ અમારા ઘરમાં કાયમનો વર્તાય છે.

૧૯૯૧ ફેબ્રુઆરીમાં મારા પૌત્ર કંદર્પની જનોઈ વખતે કુટુંબના રિવાજ પ્રમાણે માતાજી તેડવાનો રિવાજ હતો તે વખતે તા. ૯ ઓકટોબર ૧૯૯૧ના દિવસે મારી પુજા દરમિયાન માતાજીએ મને જણાવ્યું કે "મારી અહિંયા ઉપસ્થિતિ છે જ પછી મને તેડાવવાનો અને વળાવવાનો પ્રશ્ન જ રહેતો નથી." આમ અમારા ઘરમાં માતાજીનો અહર્નિશ નિવાસ છે જ.

મારા ૬૦ વર્ષની ષષ્ઠિપૂર્તિ ઉજવણી વેળાએ ૧૯૭૫થી પ્રતિ વર્ષ થતા સાક્ષાત્કારના પ્રસંગોનું નિરૂપણ કરતી પુસ્તિકા પ્રગટ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તેના આયોજનની તૈયારીઓ ચાલતી હતી. ૧૯૯૧-૯૨ દરમિયાન પૂજા વેળાએ અને સ્વપ્ન દરમિયાન માતાજીએ મને પ્રત્યક્ષ કહ્યું અને દશ્ય દ્વારા જણાવ્યું કે "૧૯૩૨માં તારા જન્મથી જ હું તારી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંભાળ લઉં છું. દર વર્ષે તારા જન્મ દિવસની આસપાસના દિવસોમાં હું તને આશીર્વાદ આપવા આવું જ છું."

"તારા જન્મ વેળાએ પણ હું હાજર હતી." ૧૯૩૩ના ફેબ્રુઆરીમાં મારા માતૃશ્રીની બીમારી વેળાએ માતાજીએ અગિયાર દિવસ સુધી મને સ્તનપાન કરાવી મને અમૃતસિંચન કર્યું હતું.

તા. ૨૮ જુન ૧૯૯૨ને રવિવારે સાંજે 'શ્રધ્ધા' કુટિરમાં હિંચકા પર બેઠો હતો ત્યારે મારાં અંતર ચક્ષુ સમક્ષ માતાજીએ દશ્યો બતાવ્યા. હાલોલમાં હું નોકરી કરતો હતો ત્યારે ખાડામાં પડી ગયો હતો ત્યારે માતાજીએ ગ્રામ્યમાતાનું રૂપ લઈને મને ખાડામાંથી બહાર કાઢી ઉગારી લીધો હતો.



Scanned by CamScanner

# REALIZATION

Pujya Rajyogi Narendraji is an incarnated saint who has experienced the realization of Gayatri Maa. He is a dear child of Gayatri Maa. Let us experience his realization in his own words.

On february 13, 1975 Mahashivaratri Day during my puja, Gayatri Maa placed Crystal Rosary around my neck. Since then I have been experiencing her presence around me and my family; as if she is residing with us.

At the time of sacred thread wearing ceremony (YAGNOPAVIT - JANOI) of my grand son Kandarp, in accordance with family tradition we decided to invite-welcome Gayatri Maa to our residence but during puja on October 9, 1990 Gayatri Maa told me "I am always with you and around here there fore invitation is not necessary."

Everyone was busy with preparation of my 60th birthday celebration and coinciding publication of a book detailing the incidences of my experionces with Gayatri Maa Since 1975.

At this time Gayatri Maa visited in my dreams and I heard "Since your birth in 1932, I am your guardian and I have bean visiting around your birthday and blessing you. I was present at your birth". In 1933 when my mother parasanba was very ill to feed me then Gayatri Maa fed me for 11 days with her milk.



Scanned by CamScanner

તા. ૨૯ જુન ૧૯૯૨ રવિવારની રાતે માતાજીએ સ્વપ્નમાં દૈષ્ય બતાવ્યું કે "ગોધરા સરકીટ હાઉસમાં જમણની પાર્ટી વેળાએ મારા દૂધના પ્યાલામાં ગરોળીનો ગલ પડ્યો હતો. અને દૂધ ઝેરી થઈ ગયું હતું. માતાજીએ ૧૦-૧૨ વર્ષના વેઈટરનું રૂપ લઈ મારો દૂધનો પ્યાલો બદલી મને બીજું દૂધ આપી મારો જીવ બચાવી લીધો હતો.

તા. ૪ સપ્ટેમ્બર ૧૯૮૭ના રોજ નિલોષામાં કાર્યયજ્ઞ વેળાએ ૨૫-૩૦ વર્ષની યુવતિના રૂપે હાથમાં જીવન જળ માટે બોટલ લઇ લાઈનમાં ઉભાં રહી તેમનો ક્રમ આવતાં મને મળવા અને કાર્યાલયનું કામકાજ નિહાળવા પધાર્યા હતા.

તા. ૯ ડીસેમ્બર ૧૯૮૯ના દિવસે 'શ્રધ્ધા' બંગલાનું વાસ્તુપૂજન અને અન્ય કામગીરીને કારણે હું થાકી ગયો હતો. તે રાત્રે માતાજીએ મારા આખા શરીરે તેમનો વરદ હસ્ત પસવારી મને શક્તિસિંચન કર્યું હતું.

તા. ૫ સપ્ટેમ્બર ૧૯૭૬ની મધરાતે માતાજીનો પ્રથમ સદેહે સાક્ષાત્કાર થયો. મારી રૂમના લાઈટ પંખો તેની જાતે જ ચાલુ થઈ ગયા હતાં. ૨૫-૩૦ વર્ષની યુવતિના સ્વરૂપમાં માતાજી પ્રગટ થયાં. તા. ૬ સપ્ટેમ્બર ૧૯૭૬થી શરૂ થનારા મારા કાર્યયજ્ઞ વિષે માર્ગદર્શન આપ્યું. વરદાન માગવા જણાવ્યું, મેં નમ્રભાવે "માનવ બંધુઓની સેવા" માંગી. મારી સરકારી નોકરી પરથી હું રજા પર હતો અને નોકરી છોડવાની દ્વિધામાં હતો. મારી મનોવ્યાથા જાણી ગયાં હોય તેમ જણાવ્યું "નોકરીની ચિંતા કરીશ નહિં."

તા. ૫ સપ્ટેમ્બર ૧૯૭૭ની રાતે ૧-૩૫ વાગે માતાજી જન્મદિનના આશિર્વાદ આપવા પધાર્યા. વ્હાલપની વર્ષા વરસાવતાં મને કહ્યું,

"કાર્ય કર્યે જા,"

"ફિકર ચિંતા કરીશ નહિ"

"બધી વાત બધાંને કહેવી નહિં."

સુવાસમય સ્વર્ગીય વાતાવરણથી આખી રૂમ મહેંકતી હતી.

તા. ૫ સપ્ટેમ્બર ૧૯૭૮ બપોરે ૩-૩૦ વાગે માતાજી મારી રૂમમાં પ્રગટ થયાં. મને કહ્યું, "ગાયત્રી જ્ઞાન સુધા માં કર્મનું પ્રકરણ ઘણું જ સુંદર છે. લોકોને ઘણું જ ગમશે. તારો જયજયકાર થશે. મારા તને આશીર્વાદ છે". મેં કહ્યું, "મા જયજયકાર તો આપનો જ થવો જોઈએ." માતાજીએ મંદ મંદ હાસ્ય સાથે મને પૂછ્યું, "તારે કંઈ જોઈએ છે ?" મેં મસ્તક હલાવી ના પાડી. માતાજીએ રેશમી લીલા રંગની લાલ બોર્ડર વાળી બંગાળી ઢબની સાડી પહેરી હતી. ગળામાં ઝગારા



Scanned by CamScanner

On 28 June 1992 I was at my residence "Shradhdha" I started to have visions of Gayatri Maa helping me out of a ditch when I fell in accidently.

On the next night in my dreams Gayatri Maa showed me how she saved my life by removing the poisoned glass of milk with a good one.

Gayatri Maa appeared as a young woman at "Nilosha" waiting in a line to obtain blessed "Jivan Jal" and experience herself the entire system of personal meetings and my Karya Yajna.

After a long and tiring day of "Vastu Pujan". I fell asleep and experienced that Gayatri Maa carresed my back thus giving me strength for the next day.

On midnight of 5th September 1976 when Gayatri Maa appeared in my room; the lights and fan turned on itself. She reviewed and guided humanitarian service and offered me to help with anything I needed. I wanted to continue what I was doing. She realized that I cannot devote enough time due to my work in government agency. She advised me not to worry about my Job.

At about 1:30 in the morning of my birthday on the 5th September 1977 Gayatri Maa visited me again and with adoration told me to continue my service to mankind without stopping or fear

On 5th September 1978 at approx 3:30 in the afternoon Gayatri Maa visited and told me that a chapter in my book "Gayatri Gyan Sudha" is very nicely wriitten and that people will appreaciate it very much, Gayatri



Scanned by CamScanner

મારતો હાર અને હાથમાં કંગન પહેર્યા હતા.

હવે તો પ્રતિવર્ષ જન્મદિવસની પૂર્વ સંધ્યાએ આશીર્વાદ આપવા માતાજી પધારશે જ તેવી ખાત્રી સાથે માતાજી માટે સૂકામેવાનો પ્રસાદ પાણી વિગેરે તૈયાર રાખવામાં આવતું. માતાજી મારી સાથે વાતો કરતાં કરતાં પોતે પ્રસાદ આરોગતાં અને મને પણ ખવરાવતાં.

૧૯૮૪ના જન્મદિને માતાજીએ મને ૬-૮ મહિનાનો નાનો બાળક બનાવી, ગોદમાં લઈ ક્યાંય સુધી લાલન કર્યું

૧૯૮૬માં જન્મદિને માતાજીએ કુમકુમના પગલાં પાડયા હતા અને બદામની પ્રસાદી પધરાવી હતી.

તા. ૫ સપ્ટેમ્બર ૧૯૮૭ શનિવારે માતાજી સદેહે પધાર્યા. મને તેમની સાથે પલંગમાં બેસાડ્યો. માતૃવત્સલ આલિંગન આપ્યું, મારા ગાલે ચુંબન કર્યું. મને કહે "તારી શિસ્તની ભાવનાથી અને તારા કાર્યથી હું બહું જ ખુશ છું. મને તારા પર બહુ જ પ્રેમ આવે છે. તારે તારા માટે જે કંઈ કહેવું હોય તે મને કહે. "

માતાજી મને કહે "તું મને 'તુ'ના સંબોધનથી બોલાવ." માતાજીએ હવામાંથી પાંચ કાજુ અને પાંચ બદામની પ્રસાદી મેળવી. મને તેમના સ્વહસ્તે એક બદામ અને એક કાજુ ખવરાવ્યો. મેં પણ તેમને ત્રણ વખત એક એક કાજુ અને બદામ ખવરાવ્યાં. બાકી રહેલાં એક એક કાજુ બદામ મને ખાઈ જવા જણાવ્યું. માતાજી ખુશખુશાલ હતાં. મને કહે "માંગ, આજે માંગે તે આપીશ." હું મૌન રહ્યો. માતાજીએ આલિંગન આપી મને બંન્ને ગાલે ચુંબન આપ્યું.

મેં કહ્યું "માતાજી કાલે નિલોષા પર લાઈનમાં ઉભા રહીને આવ્યાં તેનાથી હું વ્યથિત થઈ ગયો છું. ફરીથી આવી તકલીફ લેશો નહિ." મુક્ત હાસ્ય કરી માતાજીએ મારા વાસામાં ધબ્બો માર્યો. પ્રસાદી વધી ન હોવાથી મેં જણાવ્યું, "બધાને શું પ્રસાદી આપીશ?" માતાજી કહે, "તું જીવતી જાગતી પ્રસાદીજ છે ને?" આજે માતાજી ૨૪ મીનીટ સુધી રોકાયાં હતાં.

તા. ૫ સપ્ટેમ્બર ૧૯૮૮ સોમવારે સવારે ૯-૩૦ વાગે સદેહે પધાર્યા. માતાજીના આગમનની કશી જ તૈયારી ન હતી. માતાજી કહે "તારો પ્રેમ બસ છે. ગયા વર્ષે તેં ભક્તો માટે પ્રસાદની માગણી કરી હતી, તો લે." કહી મારા ખોબામાં માતાજીએ બદામ પધરાવી.

તા. ૫ સપ્ટેમ્બર ૧૯૯૧ સાંજે શ્રધ્ધા કુટિરમાં હતો ત્યારે માતાજીનો મૃદુ અવાજ સંભળાયો. "હું નવ વાગે આવું છું." પ્રકાશના ઝબકારે નવ વાગે માતાજી



Scanned by CamScanner

ॐ ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ ગુરુ દેવો મહેશ્વર :
ગુરુ: સાક્ષાત પર બ્રહમ તસ્મૈ શ્રી ગુરુદેવ નમ: ॥



ગં. સ્વ. જડાઊબેન પટેલ, બાલુભાઈ, નટુભાઈ
મુકેશભાઈ પટેલ અને ફેમીલી - ટેનેસી

Scanned by CamScanner

Maa was wearing green colored silk sari with Red border. She was also wearing necklace and bangles.

With all these I was very certain that she will visit me on every birthday and thus I will be waiting for her with some `Prasad` for her.

In 1984 she transformed me into a young baby of 6-8 months and adored me for quite some time.

In 1986 she offered me a Prasad of Almonds and left kumkum foot prints in my room.

On 5th September 1987 she visited and sat with me conversing about varrious subjects. She adored me and bestowed me with her love and affection. She offered me Almond and cashew nuts as Prasad. I indicated her about how disturbed. I was to learn that she had to stand in a waiting line at Nilosha. Mataji smiled and I asked for Prasad so that I can give to everyone. She replied you are my Prasad. Mataji spent approx. 24 minutes with me.

In 1988 on my birthday, Gayatri Maa appeared at about 9:30 in the morning and I was not prepared at all. She told me not to be concerned and gave me a handful of Almond as Prasad for every body. On the eve of 5th September 1991, I heard the murmur in my ear "I will be here at nine." and at 9 O'clock as a lightening stroke she appeared in my room. I was ready to welcome her and offered her Prasad & Water. She enjoyed them and returned the remainder to me to enjoy. Out of no where kumkum appeared in her Palms and she put this kumkum on my cheeks and on coconut. This kumkum on the



Scanned by CamScanner

મારી રૂમમાં સદેહે પધાર્યા. માતાજીના સ્વાગતની તૈયારી રાખી જ હતી તેથી માતાજીને મેં પ્રસાદ આરોગાવ્યો, પાણી પીવરાવ્યું અને વધેલું પાણી મને પી જવા જણાવ્યું. શ્રીફળ માતાજીને મેં આપ્યું. અદૃશ્ય રીતે માતાજીના હાથમાં કંકુ આવી ગયું. મારા બંન્ને ગાલે માતાજીએ કંકુ લગાવ્યું અને જણાવ્યું કે " આ તારા સાઈઠમા વર્ષની ખુશાલીમાં" શ્રીફળ પર કંકુ પધરાવ્યું. જેનો 'ૐ,' ચીતરાઈ ગયો હતો.

'વેદ જનનીની સ્મૃતિથી સાક્ષાત્કાર' પુસ્તક હાથમાં લઈને પાનાં ફેરવી નિહાળ્યું. પલંગમાં બિરાજમાન થયાં, મને તેમની સાથે જ બેસાડી દીધો. બરડામાં અને મસ્તક પર હાથ પસવારી વાત્સલ્ય વરસાવ્યું અને મને કહે, "૧૯૭૨થી અત્યાર સુધી હું તારી સાથે જ છું. તું કહે છે કે તારાં બાવીસ વર્ષ નકામા કાઢ્યાં, પરંતુ મારે તને સંસારનો અને દુનિયાદારીનો અનુભવ કરાવવો હતો. નહિંતર તું સંસારથી વિરક્ત થઇ જાત." પછી પુસ્તક અને લેટર પેડ પર કંકુનો છંટકાવ કર્યો.ત્યારબાદ તેજનો એક લીસોટો થયો અને માતાજી અદષ્ય થઇ ગયાં.

૧૯૯૨ નવરાત્રિની આઠમે 'શ્રધ્ધા'માં માતાજી સાથે ગરબે રમતાં માતાજીના ઝાંઝરની ઘૂઘરીઓ ખરી પડતી હતી, જે મેં એક એક કરીને વીણી લીધી હતી.

તા. ૫ સપ્ટેમ્બર ૧૯૯૩માં માતાજી સદેહે પધાર્યા અને મારી સાથે નર્તન કર્યું, અને આશીર્વાદ આપ્યાં.

હવે તો જન્મદિને તો માતાજી અવશ્ય આશીર્વાદ આપવા પધારે જ છે. ઉપરાંત અવાર નવાર ભક્તોની ઉપસ્થિતિમાં પણ વિવિધ સુવાસનું અત્તર (ગુલાબ, મોગરો, સુખડ અને ચમેલી) મારી આંગળીઓ પર લગાવે છે અને આંગળીઓમાંથી નીતરતું હોય તેમ લાગે છે.

બદામ, કાજુ, પીસ્તા, એલચી, કેસર, લવીંગનો પ્રસાદ મારા હાથમાં પધરાવે છે. ઘણીવાર બદામ, કાજુ, એલચી વિગેરે મારા મસ્તક પર પણ પધરાવે છે. મારા સહવાસમાં રહેતા ભક્ત ભાઈ-બહેનોને આવા પ્રસાદના દર્શન કરવાનો લાભ મળે છે.



Scanned by CamScanner

coconut transformed as \ written by her. She reviewed yet another book 'Ved Jananini Shakti Thi Sakshatkar' and adored me. She indicated that she is with me since the birth. She wanted me to lead a household life while serving the mankind and didnot want to me to be an ascetic.

In 1992 during Navaratri - Garaba celoration she offered beads from her silver anklet as Prasad.

In 1993 Mataji visited and enjoyed Garaba with me. She always visits me now on every birthday to bless me. She also offers various Prasad such as Perfume, Almonds, Cashews, Cardamom, Saffron and Cloves either in my palm or on my head.





Scanned by CamScanner

# જ્ઞાન ગોષ્ઠિ

ભક્તિ-પ્રાર્થના વિષેના નીચેના પ્રશ્નો જુવાન બાળકોએ પૂ. રાજયોગી નરેન્દ્રજી તથા પૂ. બહેનજીને પૂછયા હતા તેનું સંક્ષેપમાં આલેખન નીચે પ્રમાણે છે.

પ્ર. ઉપાસના - પ્રાર્થના એટલે શું ?
જ. ઈષ્ટદેવની નજીકમાં જવું એટલે ઉપાસના. ઉપાસના કરવાના જુદા જુદા પ્રયોગો છે, જેવા કે પ્રાર્થના કરવી, ભજન-કિર્તન કરવા, ધાર્મિક પુસ્તકો વાંચવા, સ્વાર્થ વગર માનવ સેવા કરવી, ભગવાનનું નામ સતત લેવું, મંત્ર જાપનું રટણ કરવું વિગેરે.

પ્ર. ભગવાનના ઘણા બધા નામ અને રૂપ-આકાર છે તો અમારે કોની ભક્તિ કરવી ?
જ. આખી સૃષ્ટિ માટે ભગવાન તો એકજ છે. તમને જે પણ નામમાં, રૂપમાં અને આકારમાં શ્રધ્ધા હોય તેને ભજી શકો છો. મને ગાયત્રી માતામાં શ્રધ્ધા અને વિશ્વાસ છે માટે હું ગાયત્રી માતાના રૂપમાં ભગવાનને ભજું છું.

હિંદુ ધર્મ એ આર્ય સંસ્કૃતિ પર રચાયેલો છે. આર્ય પ્રજા સૂર્યદેવની આરાધના કરતી હતી. સતત ભક્તિ અને પૂજાના પ્રભાવે ઘણા લોકો બ્રહ્મર્ષિ અને દેવર્ષિની ઊંચાઈએ પહોંચી ગયા. એમણે ભગવાનનું તેજ અનુભવ્યું અને ભગવાનની કૃપાને આધીન થયા. તેમના ધ્યાન અને ભક્તિ સમયે તેઓ ભગવાનને જોઈ શકતા અને સદંતર ભગવાનની હાજરી અનુભવી શકતા. તેઓ જળમાં વરુણદેવ, હવામાં વાયુદેવ, અગ્નિમાં અગ્નિદેવ, ખોરાકમાં અન્નપૂર્ણા માતા, વૈભવમાં લક્ષ્મીમાતા તથા જ્ઞાનમાં સરસ્વતી માતાનો અનુભવ કરતા અને પૂજા કરતા.

જીવન જરૂરીયાતની દરેક ચીજ-વસ્તુનું આર્યો પૂરેપૂરું જતન કરતા અને આદરણીય ભાવથી વ્યવહાર ચલાવતા. તે સમયે અનિષ્ટ તત્વોથી બચવા માટે પ્રાર્થના અને ભક્તિના બળથી ભગવાન પાસેથી મદદ મેળવતા. જરૂરીયાતના સમયે ભગવાને અથવા તેમના દૂતે આ પૃથ્વી પર અવતરણ કર્યું છે. જેમ કે રામ અને કૃષ્ણનો જન્મ આ પૃથ્વી પર સાધુ સંતોને અનિષ્ટ તત્વોની હેરાનગતીથી બચાવવાના હેતુથી થયો હતો.



Scanned by CamScanner

# Questions and Answers

The questions regarding upasana were asked by the young group of children to Gurudev - Shri Rajyogi Narendraji and to Bahenajii.

Q. What is upasana ?

A. Upasana means to be near God. There are different aspects of upasana. (1) To pray (2) To sing Hymns (3) To read religious books (4) To do humanitarian selfless service (5) To repeat God's name (6) To recite or chanting Mantrajap is one of the best way of doing upasana.

Q. There are different names and figures of God. Whom do the worship ?

A. There is only one God. You can worship any name and figure of God of your faith. I have faith in Gayatri Maa, so I worship the God in the name and figure of Gayatri Maa.

In Hindu religion, we have inherited the Aryan Culture. The Aryans were worshipping the Sun. Some of the Aryans, after the course of their worship reached to the position of Devarshi and Brahmarshi. They experienced the divine light and the mercey of God. During the course of their meditation, they could see the essence of the divine spirit and divine light in many things. Some of them are :

In Water - Varundev.
In Air - Vayudev.
In Fire - Agnidev.
In Food - Annapurna Maa
In Prosperity - Laxmi Maa
In Knowledge- Saraswati Maa

Aryans believed that anything which is useful for the survival of life is to be respected as superior, super natural Dev.



Scanned by CamScanner

તેવી જ રીતે સંત અને મહાત્માઓ પણ આ પૃથ્વી પર માનવ સેવા અને જનકલ્યાણ માટે જન્મ લે છે અને સાઈબાબા, જલારામ બાપા, હનુમાન, સહજાનંદ સ્વામી, બુધ્ધ, ઈશુ ખીસ્ત અને મહંમદ પૈગંબર જેવા યુગ પુરુષો પૂજવા લાયક બન્યા.

ભગવાનની શક્તિ, બળ એ દેવી-માતાજીના રૂપે પૂજાય છે. જેમ કે માણસો ખોરાક, ધન, વિદ્યા અને શક્તિ માટે દેવીની આરાધના-પૂજા કરે છે. ખોરાક માટે અન્નપૂર્ણા માતાની, ધન માટે લક્ષ્મી માતાની, વિદ્યા માટે સરસ્વતી માતાની, શક્તિ માટે મહાકાળી અથવા દુર્ગા માતાની પૂજા થાય છે. આ બધું જોતાં આપણા પૂર્વજો-આર્યો પોતપોતાની જરૂરીયાત, શ્રધ્ધા અને વિશ્વાસ પ્રમાણે જુદા જુદા ભગવાનની પૂજા કરતા થયા પણ આખરે ભગવાન તો એક જ છે.

પ્ર. ગાયત્રી માતાના પાંચ મુખ કેમ છે ?

જ. ગાયત્રી માતા વેદ-જનની છે. વેદ માતા છે. હિંદુ ધર્મના ચાર વેદો રુગવેદ, સામવેદ, યજુર્વેદ અને અથવવદ છે. આજુબાજુના ચાર મુખ એ ચાર વેદનું પ્રતીક છે. વચ્ચેનું મુખ ભગવાનની શક્તિનું પ્રતિક છે. આ ચાર વેદોમાં સંપૂર્ણ વિશ્વજ્ઞાન લખેલું છે. ગાયત્રી માતા ભગવાનની મૂળ શક્તિનું રૂપ છે.

ભગવાન બ્રહ્માના સ્વમુખે સૌ પ્રથમ મંત્ર ૐ ના ઉચ્ચારણથી થયેલો. ગાયત્રી મહામંત્ર આ ૐ માંથી ઉત્પન્ન થયો છે. દુનિયાની દરેક લીપી પણ ૐ માંથી જ બની છે.

પ્ર. અમારે દરરોજ કેટલા સમય સુધી ઉપાસના-પ્રાર્થના કરવી જોઈએ ?

જ. ખરી રીતે તો આખા દિવસના ૨૪ કલાકના દસ ટકા એટલે કે બે કલાક અને૪૦ મીનીટની ભક્તિ કરવી જોઈએ. છતાં પણ એમ ના બની શકે તો ઓછામાં ઓછો અડધો કલાક દરરોજ મંત્ર જાપ કરવો જોઈએ અને ધીમે ધીમે ઉપાસનાનો ટાઈમ વધારવો જોઈએ.

પ્ર. ઉપાસના-ભક્તિ કરવા માટે સારો સમય ક્યારે છે.

જ. ઉપાસના માટે વહેલી સવારના ૪ થી ૭ વાગ્યા સુધીનો સમય ઘણો સારો કહેવાય. જેને બ્રહ્મમુહુર્ત કહેવાય છે. દરરોજ એક જ સમયે અને એક જ સ્થળે ઉપાસના કરવી એ મહત્વનું છે. આ શક્ય ના હોય તો ૩૦ મીનીટ માટે ઘરમાં, ગાડીમાં, બસમાં અથવા કામ કરતાં પણ ઈષ્ટદેવનું સ્મરણ કરવું ઘણું જરૂરી છે.



Scanned by CamScanner

For the protection and survival from evil spirits and evil persons, they sought the help of God through prayers and meditations. At different times God came on the earth or sent his messanger to help and protect his devotees. Ram and Krishna protected the saints, devotees, and all the good persons while they distroyed the evils.

Same way the super human personalities who served and helped the group of people or societies are worshipped by the people as saints, e.g. Saibaba, Jalarambapa, Hanumanjee, Sahajanand Swami, Buddha, Christ, Mohamad Payagamber, etc.

The spirit or energy of God is known as Goddess - Matajee. People worshipped God for food, prosperity, safety and security.

(1) Those who desired food, good crops etc. Worshipped God as Annapurna Maa.

(2) Those who desired prosperity, worshipped God as Lakshmi Maa.

(3) Those who desired strength and protection from evil persons and evil spirits, worshipped God as Durga Maa or Kali.

From these examples we can say that the God is one but our ancestors - Aryans, according to their faith worshipped God with different figures and with different names.

Q. Why Gayatri Maa has five faces ?

Gayatri Maa is known as Vedmata. Mother of Vedas. In Hindu religion there are four Vedas - Rugved, Samved, Yajurved and Atharvaved. The four side faces are the symbol of these Vedas and the face in the centre signifies God's spirit - 'Shakti' - Energy. These four Vedas are full of positive knowledge of the universe. Maa Gayatri is the original energy or spirit of God.

Aum is the first and original word of Mantra spoken by God Brahma. The 24 alphabets of Gayatri Mantra is created from Aum. Also 'Aum' is the origin of all the alphabets of the universe.



Scanned by CamScanner

પ્ર. મંત્ર જાપ કરવા માટે કઈ જાતની માળા ફેરવવી ?

જ. માળા એ તો મંત્ર-જાપ કરવા માટેનું માધ્યમ છે. તુલસી, રૂદ્રાક્ષ અથવા સ્ફટિકના મણકાઓની બનાવેલી માળા સામાન્ય રીતે સારી કહેવાય. મંત્ર જાપ કરતી વખતે માળા એકાગ્રતા જળવાઈ રહે, આળસ, ઊંઘ અને અન્ય વિચારોથી મન દૂર રહે તેના માટે છે. પૂરતા સમય બાદ માળા ફેરવવાની ક્રિયા આપણા શ્વાસોચ્છ્વાસમાં ભળી જાય છે. અને માળાની જરૂર નથી પડતી. દરેક શ્વાસ ॐ મા ॐ ના મંત્રોચાર સાથે લેવાની ટેવ પાડવી.

પ્ર. સત્સંગ એટલે શું ?

જ. સત્સંગ એ ભક્તિ કરવાની એક રીત છે. ઘણી બધી રીતે સત્સંગ થઈ શકે છે. દા. ત. સંતોની લખેલી ધાર્મિક ચોપડીનું વાંચન અથવા ધાર્મિક પ્રકાશનોનો અભ્યાસ; સંતોના મુખે કથા વાર્તાનું શ્રવણ અથવા ભજન-કિર્તન કરવું; ધાર્મીક પ્રવચનો, સભાઓ અને મેળાવડામાં ભાગ લેવો વિગેરે ....

સત્સંગથી મનુષ્ય પોતાના જીવનને સારી રીતે, સહેલાઈથી આધ્યાત્મિકતા તરફ વાળી શકે છે.

પ્ર. તમે હંમેશા સ્ફૂર્તિવાન અને જુવાન દેખાવ છો, તમારું સ્વાસ્થ્ય કાયમ માટે સારૂં હોય છે તેનું રહસ્ય શું છે ?

જ. મારા સ્વાસ્થ્યનું રહસ્ય એ મારી ગાયત્રી માતાના આશિર્વાદ છે. મારા બાળપણમાં ગાયત્રી માતાએ મને પોતાનું પયપાન કરાવ્યું હતું. સાથે સાથે હું સાત્વિક ખોરાક લઉં છું અને કુટેવોથી દૂર રહું છું. તે પણ સારા સ્વાસ્થ્ય માટે કારણભૂત છે. પૂજા-પાઠ માટે દરરોજ સવારે વહેલા ઊઠવાની ટેવ પાડી છે. કહેવત છે કે

"વહેલા સૂઈ વહેલા ઊઠે તે વીર,
બળ બુધ્ધિ ને ધન વધે સુખમાં રહે શરીર".

પ્ર. તમે બહારના અથવા બજારું ખોરાકથી કેમ દૂર રહો છો ?

જ. આપણે જે ખોરાક લઈએ છીએ તેમાં એકલા સ્વાદ અને પોષણનો ગુણધર્મ નથી પણ સાથે સાથે જે વ્યક્તિ એ ખોરાક બનાવે છે તે સમયના તેના વિચારો પણ તેમાં ઉતરે છે. મંત્ર જાપ કરતાં અથવા ભજન-કિર્તન કરતાં રાંધેલા અનાજ અને શાકભાજીથી આપણા શરીર, મન અને વિચારોને સાત્વિક પોષણ મળે છે. બહારના ખોરાકમાં બાહ્ય અશુધ્ધિ તથા ઉચ્ચ ભાવનાની બેકાળજી હોવાની પૂરેપૂરી શક્યતા છે.



Scanned by CamScanner

Q. How much upasana should we do everyday ?

A. Ideally we should devote ten percent (10%) of 24 hours in a day for upasana i.e. 2 hours and 40 minutes.

However you can devote minimum 30 minutes for your daily upasana-reciting Mantra. Gradually you can increase the time of upasana.

Q. What is the best time for upasana ?

A. The best time for upasana is 4 AM to 7 AM. which is known as Brahmmahurat. Ideally we should have the specific time and a place for upasana. If it is not possible, you can from a habit to devote at least 30 minutes at any time in your home, in your car or bus or while working.

Q. What type of rosary should we use for upasana ?

A. Rosary is a means to upasana. Tulsi, Rudraksha, Crystal Beads are usually good for Rosary.

While reciting Mantra rotating rosary helps in maintaining the rythm and concentration. It helps upasak to be alert and awake.

